# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Monday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

-----------------------------------------------------------

- ✓ લોકસભા ચૂંટણીની મતગણતરી આવતીકાલે હાથ ધરાશે - પશ્ચિમ બંગાળના બે મતદાન મથક ઉપર આજે ફરી મતદાન
- ✓ ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું છે કે અગ્નિવી યોજના એ સેનામાં યુવા શક્તિ જાળવવા માટેના મુખ્ય સુધારાઓમાંનો એક છે.
- ✓ આસામમાં પૂરની ગંભીર સ્થિતિ યથાવત – છેલ્લાં 24 કલાકમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યો
- ✓ ભારતના રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર મેથ્યુ એબ્ડેન ફ્રેન્ચ ઓપન ટેનિસ મેન્સ ડબલ્સના ત્રીજા રાઉન્ડમાં પહોંચ્યા
- ✓ ICC ટ્વેન્ટી-20 વર્લ્ડ કપ ક્રિકેટમાં આજે ઓમાને નામિબિયાને જીતવા માટે ..... રનનો લક્ષ્યાંક આપ્યો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# COUNTING-VOTES

સાત તબક્કામાં યોજાયેલી લોકસભા ચૂંટણીની મતગણતરી આવતીકાલે થશે. આંધ્રપ્રદેશ અને ઓડિશામાં વિધાનસભાની ચૂંટણીઓ અને પેટાચૂંટણીઓની સાથે ગુજરાતની પાંચ વિધાનસભા પેટા ચૂંટણીઓની મતગણતરી પણ આવતીકાલે યોજાશે. સવારે 8 વાગ્યાથી મતગણતરી શરૂ થશે.

ચૂંટણી પંચે કહ્યું કે મતગણતરીનાં વલણો અને પરિણામો ECI વેબસાઇટ results.eci.gov.in તેમજ વોટર હેલ્પલાઇન એપ પર ઉપલબ્ધ રહેશે. વોટર હેલ્પલાઇન એપ ગૂગલ પ્લે સ્ટોર અથવા એપલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકશે.

# Repoll

પશ્ચિમ બંગાળમાં બારાસત અને મથુરાપુર સંસદીય મતવિસ્તાર હેઠળના બેમતદાન મથકો પર આજે ફરી મતદાન યોજાઇ રહ્યું છે  સવારે 7 વાગ્યાથી શરૂ થયેલુંમતદાન અને સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. 1 જૂનના રોજ સાતમા તબક્કામાં આ બે મતવિસ્તારોમાં મતદાન થયું હતું. ચૂંટણી અધિકારીઓ, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને સંબંધિત નિરીક્ષકોના અહેવાલના આધારે અહી પુનઃ મતદાનનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# OLL RESULTS AP - SIKKIM

ભારતીય જનતા પાર્ટી અરુણાચલ પ્રદેશમાં ફરી સત્તા પર આવી છે, જ્યારે સત્તારૂઢ સિક્કિમ ક્રાંતિકારી મોરચાએ સિક્કિમમાં બહુમત હાંસલ કર્યું છે. આ બંને પૂર્વોત્તર રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટે ગઈકાલે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. અરુણાચલ પ્રદેશમાં ભાજપે 60 માંથી 46 બેઠકો મેળવીને પ્રચંડ જીત મેળવી છે. સિક્કિમમાં, તમામ 32 બેઠકો માટે જાહેર થયેલા પરિણામોમાંથી, સિક્કિમ ક્રાંતિકારી મોરચા એ 31 બેઠકો જીતી છે. સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ એક સીટ જીતવામાં સફળ રહી છે.

રાજ્યના વર્તમાન મુખ્યમંત્રી અને SKMના પ્રમુખ પ્રેમસિંહ તમાંગે રેનોક અને સોરેંગ ચાકુંગ બંને મત વિસ્તાર પરથી જીત મેળવી છે. ભાજપ અરૂણાચલપ્રદેશમાં ફરી સતા પર આવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અરુણાચલ પ્રદેશના લોકોનો ફરીથી ભાજપ પર વિશ્વાસ વ્યક્ત કરવા બદલ આભાર વ્યક્ત કર્યો છે. આ સાથે જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડાએ પણ ભાજપની જીત બદલ અરુણાચલ પ્રદેશના લોકોનો આભાર વ્યક્ત કરી કહ્યું કે તેમની પાર્ટી 'વિકસિત ભારત' અને 'વિકિસિત અરુણાચલ'ના સંકલ્પને પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ સાથે જ પ્રધાનમંત્રીએ સિક્કિમ વિધાનસભા ચૂંટણી જીતવા બદલ સિક્કિમ ક્રાંતિકારી મોરચા અને સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગને પણ અભિનંદન પાઠવ્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેઓ સિક્કિમની પ્રગતિને આગળ વધારવા માટે રાજ્ય સરકાર સાથે કામ કરવા આતુર છે.

# EC- CONGRESS-BJP

ભાજપનું એક પ્રતિનિધિમંડળ ગઇકાલે નવી દિલ્હીમાં ચૂંટણી પંચને મળ્યું હતું અને મતગણતરી અને પરિણામોની જાહેરાત દરમિયાન ચૂંટણી પ્રક્રિયાની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા પંચને માંગ કરી હતી.

આ પ્રતિનિધિમંડળમાં કેન્દ્રીય મંત્રીઓ નિર્મલા સીતારમણ અને પીયૂષ ગોયલ અને પાર્ટીના નેતા ઓમ પાઠકનો સમાવેશ થાય છે. મુલાકાત બાદ પત્રકારો સાથે વાત કરતા, શ્રી ગોયલે જણાવ્યું હતું કે પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચને મતગણતરી પ્રક્રિયામાં રોકાયેલા દરેક અધિકારી નિર્ધારિત પ્રક્રિયાની નાની નાની વિગતોથી સંપૂર્ણપણે પરિચિત હોય અને તમામ પ્રોટોકોલનું સંપૂર્ણ પાલન કરવામાં આવે એ સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે. શ્રી ગોયલે કહ્યું કે તેમણે પંચને ચૂંટણી પ્રક્રિયાને નબળી પાડવાના પ્રયાસોની નોંધ લેવા અને જવાબદારો સામે કડક પગલાં લેવા વિનંતી કરી છે.

દરમ્યાન ઈન્ડિયા ગઠબંધનના પ્રતિનિધિમંડળે પણ ગઇકાલે ચૂંટણી પંચનો સંપર્ક કર્યો હતો અને ઇવીએમ દ્વારા મતોની ગણતરી પહેલાં પોસ્ટલ બેલેટની ગણતરી અને તેમના પરિણામો જાહેર કરવાની માંગ કરી હતી. આ પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવી, સમાજવાદી પાર્ટીના નેતા રામ ગોપાલ યાદવ, માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટીના નેતા સીતારામ યેચુરી, કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયાના નેતા ડી. રાજા અને આમ આદમી પાર્ટીના નેતા પંકજ ગુપ્તા વગેરેનો સમાવેશ થાય છે.

શ્રી અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, પ્રતિનિધિમંડળે ચૂંટણી પંચને મતગણતરી કરનાર અધિકારીઓને માર્ગદર્શિકાઓનું પાલન કરવાનો નિર્દેશ આપવાની પણ માંગ કરી હતી.

# CDS-INS-CHILIKA.rtf

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું કે અગ્નિવીર યોજના સેનામાં યુવા શક્તિને જાળવી રાખવાના મોટા સુધારાઓમાંનો એક છે. ઓડિશામાં આવેલી ભારતીય નૌકાદળની તાલીમ સંસ્થા INS ચિલ્કા ખાતે અગ્નિશામકોને સંબોધિત કરતી વખતે તેમણે શ્રી ચૌહાણે જણાવ્યું કે કુશળ, શિસ્તબદ્ધ અને પ્રેરિત યુવાનો તૈયાર કરવાની આ યોજના સેના અને રાષ્ટ્ર નિર્માણમાં યુવા શક્તિને જાળવી રાખવા માટેનો એક મોટો સુધારો છે.

INS ચિલ્કા ખાતે નૌકાદળમાં અગ્નિવીરોની તાલીમનું નિરીક્ષણ કરવા પહોંચેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફે તાલીમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યું હતું  આ અવસરે, તેમને, નૌકાદળના ભાવિ યોદ્ધાઓને તાલીમ આપવામાં INS ચિલ્કાની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# ASSAM---FLOOD-(FOR-MORNING).rtf

આસામમાં પૂરની સ્થિતિ ગંભીર બની રહી છે 13 જિલ્લાઓમાં 5 લાખથી વધુ લોકો પૂરની ઝપેટમાં આવી ગયા છે. છેલ્લા 24 કલાકમાં 3 લોકોએ જીવ ગુમાવ્યા છે અને આ પૂરના કારણે મૃત્યુ આંક 14 પર પહોંચી ગયો છે.

આસામમાં 13 જિલ્લાના 564 ગામોના 5 લાખથી વધુ લોકો પૂરને કારણે પ્રભાવિત થયા છે અને રાજ્યભરમાં 8000 હેક્ટરથી વધુ પાકને નુકસાન થયું છે.

આ દરમ્યાન ગુવાહાટી, ગોલપારા અને ધુબરીમાં બ્રહ્મપુત્રાનું જળસ્તર વધી રહ્યું છે. કોપિલી, બરાક, ધનસિરી, બુરહિડીહિંગ, ગૌરાંગ અને કુશિયારા નદીઓના જળસ્તર પણ અનેક સ્થળોએ વધી રહ્યા છે. જેના કારણે આસામ સરકારે પૂરગ્રસ્ત જિલ્લાઓમાં 193 રાહત શિબિરો અને 82 રાહત વિતરણ કેન્દ્રો શરૂ કર્યા છે. બચાવ અને રાહત માટે NDRF અને SDRFની ટીમો પણ તૈનાત કરવામાં આવી છે.

# SRI-LANKA--FLOOD.rtf

શ્રીલંકામાં સપ્તાહના અંતે થયેલા ભારે વરસાદે સમગ્ર ટાપુ પર વ્યાપક વિનાશ સર્જ્યો છે, જેમાં ઓછામાં ઓછા 15 લોકો માર્યા ગયા છે અને 5,000 થી વધુ પરિવારોના 19,000 થી વધુ લોકો બેઘર થયા છે. શ્રીલંકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર એ જણાવ્યું છે કે રાજધાની કોલંબો સહિત સાત જિલ્લાઓમાં મુશળધાર વરસાદને કારણે અચાનક પૂર, ઝાડ પાડવાના કારણે ,ભારે પવન,વીજળી અને ભૂસ્ખલનના કારણે મોત થાય છે.

શ્રીલંકાની સેનાએ બચાવ કામગીરી માટે બોટથી સજ્જ સાત ટીમો તૈનાત કરી છે, જ્યારે હવાઈદળે અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક કટોકટીની પ્રતિક્રિયા માટે ત્રણ હેલિકોપ્ટરને સ્ટેન્ડબાય રાખ્યા છે. વધુ વરસાદ અને પૂરની અપેક્ષાએ, શિક્ષણ મંત્રાલયે આજે તમામ શાળાઓ બંધ રાખવાની જાહેરાત કરી છે. ઉર્જામંત્રાલયે સાવચેતીના પગલા તરીકે ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો પણ સ્થગિત કરી દીધો છે.

# Amul milk

ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ દ્વારા અમૂલ દૂધમાં આજથી પ્રતિલિટર બે રૂપિયાનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. નવા ભાવ મુજબ 500 મીલી અમૂલ ગોલ્ડ 33 રૂપિયા, શક્તિ 30 રૂપિયા અને ભેંસનું દૂધ 36 રૂપિયામાં મળશે. અમૂલે અગાઉ ફેબ્રુઆરી 2023માં દૂધની કિંમતમાં વધારો કર્યો હતો.

# FRENCH-OPEN-2024.rtf

ભારતીય ટેનિસ ખેલાડી રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન સાથી મેથ્યુ એબ્ડેને પેરિસમાં ફ્રેન્ચ ઓપન 2024 પુરૂષ ડબલ્સ ઇવેન્ટના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. બોપન્ના અને એબ્ડેને બ્રાઝિલના માર્સેલો ઝોર્મન અને ઓર્લાન્ડો લુઝને 7-5, 4-6, 6-4થી હરાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે બોપન્ના-એબ્ડેન ગ્રાન્ડ સ્લેમના ત્રીજા રાઉન્ડમાં ઈન્ડો-મેક્સિકન જોડી સામે ટકરાશે.

# ICC T20

આજે ICC T20 નામિબિયા અને ઓમાન વચ્ચે મેચ ચાલી રહી છે. નામિબિયાએ ટોસ જીતીને પહેલાં ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઓમાને પ્રથમ બેટિંગ કરતાં નામિબિયાને જીતવા માટે 110 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ઓમાન તરફથી સૌથી વધુ ખાલિદ કૈલે 34 રન નોંધાવ્યા છે.

આ સાથે જ ન્યૂયોર્કમાં શ્રીલંકાનો સામનો દક્ષિણ આફ્રિકા સામે થશે. મેચ રાત્રે 8 વાગ્યે શરૂ થશે.

દરમિયાન ICC T20 વર્લ્ડ કપ ક્રિકેટમાં ગઈકાલે ગુયાનામાં વેસ્ટઈન્ડિઝે પાપુઆ ન્યુ ગિનીને પાંચ વિકેટથી હરાવ્યું હતું. પાપુઆ ન્યુ ગિનીએ આપેલા 137 રનના લક્ષ્યાંકનો પીછો કરતા વેસ્ટ ઈન્ડિઝે 19 ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને 137 રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ ખેલાડિ રોસ્ટન ચેઝને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.  પાપુઆ ન્યુ ગિનીમાટે અસદ વાલાએ બે વિકેટ ઝડપી હતી, તો  વેસ્ટઈન્ડિઝ માટે  આન્દ્રે રસેલ અને અલ્ઝારી જોસેફે બે-બે વિકેટ લીધી હતી.

# DELHI-KEJRIWAL :

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે ગઈકાલે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આબકારી નીતિમાં મની લોન્ડ્રીંગ કેસના સંબંધમાં 5મી જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા. કોર્ટ  કેજરીવાલની ન્યાયિક કસ્ટડીની માંગ કરતી EDની અરજી પર સુનાવણી કરી રહી હતી. તે વચગાળાના જામીન પર હોવાથી અરજી પેન્ડિંગ હતી. ગઈકાલે તેમણે તિહાર જેલમાં સરન્ડર કરતા રાઉઝ એવન્યુ કોર્ટે તેને 5મી જૂન સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા છે. તેમણે આત્મસમર્પણ કર્યું તે પહેલા પાર્ટીના નેતાઓ અને કાર્યકરો સાથે વાતચીત કરી અને લોકોને સંબોધ્યા હતા.

ઉલ્લેખનીય છે કે કેજરીવાલની 21 માર્ચે પ્રવર્તમાનનિદેશાલય દ્વારા દિલ્હીદારૂ નીતિમાં મની લૉન્ડ્રીંગ કેસના કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી. તેણે 10 મેના રોજ વચગાળાના જામીન મેળવ્યા હતા અને ગઈકાલે સુપ્રીમ કોર્ટે તેમને તિહાર જેલમાં આત્મસમર્પણ કરવાનું કહ્યું હતું.

# PM MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં વિવિધ આફતો માટે સમીક્ષા બેઠક કરી હતી. બેઠકમાં પ્રધાનમંત્રીને આગામી દિવસોમાં જે રાજ્યોમાં લૂની સ્થિતિ યથાવત રહેવાની એ વિશે માહિતી આપી હતી. હવામાન વિભાગ અનુસાર ગુજરાત, રાજસ્થાન, તેમજ મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં ગરમીની સ્થિતિ યથાવત રહેશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચક્રવાત રેમલ બાદ થયેલા નુકસાનની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરી. બેઠક દરમિયાન તેમને ચક્રવાત પ્રભાવિત વિસ્તારો અને પૂરને પગલે થયેલા નુકસાન વિશે માહિતી આપવામાં આવી. જેમાં મિઝોરમ, અસમ, મણીપુર, મેઘાલય અને ત્રિપુરામાં ભૂસ્ખલન અને પૂરને કારણે થયેલા જાનમાલના નુકસાનની ચર્ચા કરવામાં આવી.

# IMD--WEATHER.rtf

ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે દિવસ સુધી ઉત્તર પશ્ચિમ, મધ્ય અને પૂર્વ ભારતમાં ઓછી તીવ્રતા સાથે હીટવેવની સ્થિતિ યથાવત રહેશે. આજે, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢના ભાગોમાં ગરમીની લહેર જોવા મળશે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને ઓડિશામાં પણ આવતીકાલ સુધી હિટવેવની શક્યતા છે.

દરમિયાન, હવામાન વિભાગે આગામી છ દિવસમાં પશ્ચિમ બંગાળ અને ઉત્તરપૂર્વ ભારતમાં વાવાઝોડાં અને તોફાની પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ભારતમાં પણ આગામી છ દિવસ દરમિયાન કેરળ, લક્ષદ્વીપ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને કર્ણાટકમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉત્તર ભારતમાં, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ અને હરિયાણામાં આગામી ચાર દિવસ હવામાનમાં કોઈ ફેરફાર નહી થાય.